SAURASHTRA UNIVERSITY
P.G.T.R. Section
Main office,
First Floor,
University Road,
Rajkot - 360 005(Gujarat)
Phone No. : 2578501
Fax:(0281)2586983
www.saurashtrauniversity.edu

Accredited Grade'A' by NAAC

PGTR/ 2793 /2018

Dt:-27-08 /2018

To,
The Head of All P.G. Institute,
Affiliated Saurashtra University,
Rajkot.

To,
The Head, All Department,
Saurashtra University,
Rajkot.

Sub:- મેરિટ-કમ-મીન્સ શિષ્યવૃતિ વર્ષ ૨૦૧૮-૧૯ની Online અરજી કરવા અંગે

Ref :- ક્રમાંક/વિજાક/શિક્ષણ/૨૦૧૮-૧૯/૨૮૫૮તા:-૨૭/૭/૨૦૧૮

Section Officer

Encl:-વિ.જા.ક. ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો પત્ર તથા જાહેરાત

**ખાસ જરૂરી**

તાત્કાલિક

ક્રમાંક/ વિજાક/ શિક્ષણ / ૨૦૧૮-૧૯/ ૨૮૫૮
નિયામક. વિકસતી જાતિ કલ્યાણ
બ્લોક નં-૪/૩. ડૉ.જીવરાજ મહેતા ભવન.
ગુજરાત રાજય. ગાંધીનગર
ફોન નં.૨૩૨ ૫૩૨૪૫ થી ૫૩૨૪૭
Email-ddcw-minority@gujarat.gov.in

તા.૨૭/૦૭/૨૦૧૮

પ્રતિ,
માહિતી કમિશ્નરશ્રી,
માહિતી ખાતુ, બ્લોક નં.૧૯/૨,
ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

**વિષયઃ- લઘુમતી જાતિઓ માટેની ભારત સરકારની મેરિટ-કમ-મીન્સ શિષ્યવૃત્તિ વર્ષ ૨૦૧૮-૧૯ની ONLINE અરજી કરવા માટેની જાહેરાત પ્રસિધ્ધ કરવા બાબત.**

માન.શ્રી,

ઉપરોકત વિષય અંગે જણાવવાનું કે લઘુમતી જાતિઓના વિધાર્થીઓ માટેની ભારત સરકારની મેરિટ-કમ-મીન્સ શિષ્યવૃત્તિ યોજના હેઠળ વિધાર્થીઓ પાસેથી ફ્રેશ અને રીન્યુઅલ અરજીફોર્મ Online મેળવવા માટેનો જાહેરાતનો નમુનો આ સાથે સામેલ રાખેલ છે. જે મુજબની જાહેરાત નીચે જણાવેલ વર્તમાનપત્રમા દિન-૨મા પ્રસિધ્ધ થાય તેમ કરવા વિનંતી છે.

૧. ગુજરાત સમાચાર અમદાવાદ આવૃત્તિ.
૨. દિવ્ય ભાસ્કર, સુરત અને રાજકોટ આવૃત્તિ.
૩. સંદેશ, સુરત આવૃત્તિ.
૪. કચ્છ મિત્ર. કચ્છ આવૃત્તિ.
૫. ગુજરાત ટુડે, અમદાવાદ આવૃત્તિ.

બિડાણ :- ઉપર મુજબ

નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજય, ગાંધીનગર વતી

(સ્થળ પ્રત પર માન.નિયામકશ્રીની સહી છે.)

નકલ રવાનાઃ
(૧) જિલ્લા નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિ, ......................
(૨) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, વિકસતી જાતિ, ................

27/7/18

3221

**<u>Website: - www.scholarships.gov.in મેરિટ કમ મીન્સ માટે ONLINE અરજી કરવાની જાહેરાત</u>**

**ભારત સરકારશ્રીના અલ્પસંખ્યક કાર્યમંત્રાલય, નવી દિલ્હી ધ્વારા અમલીત**

**<u>"મુસ્લીમ, ખ્રિસ્તી, શીખ, પારસી, બૌધ્ધ, જૈન"</u> લઘુમતીના વિદ્યાર્થીઓ માટે " મેરિટ - કમ - મીન્સ શિષ્યવૃત્તિ યોજના "**

**ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

ધાર્મિક લઘુમતી જાતિના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના તકનીકી અને વ્યવસાયિક ડીગ્રી કક્ષાના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓ કે જેઓને આ યોજના હેઠળ અગાઉ શિષ્યવૃત્તિનો લાભ મળેલ ન હોય તેવા નવા(FRESH) વિધાર્થીઓ તેમજ અગાઉ આ યોજના હેઠળ લાભ મેળવેલ હોય અને તેઓનો અભ્યાસ ચાલુ હોય અને યોજનાની શરતો પરિપૂર્ણ કરતા હોય તેવા જુના(RENEWAL) વિધાર્થીઓ પાસેથી વર્ષ ૨૦૧૮-૧૯ માં શિષ્યવૃત્તિ મેળવવા નીચેની શરતોને આધિન રહી ONLINE અરજીઓ મંગાવવામાં આવે છે. આ અરજીઓ ONLINE રજુ કરવાની હોય વિદ્યાર્થીઓ દ્વારા ઉપરોક્ત દર્શાવેલ www.scholarships.gov.in વેબસાઈટ પર જઇ અરજી કરવાની રહેશે. જુના(RENEWAL) વિદ્યાર્થીઓ પોતાનો ગત વર્ષના અરજીનો ID નો ઉપયોગ કરીને અરજી કરી શકશે. ગત વર્ષે ONLINE અરજી કરેલ હોય અને શિષ્યવૃત્તિ મજુર થયેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ જો જે તે અભ્યાસક્રમ ચાલુ હોય તો વર્ષ ૨૦૧૮-૧૯મા નવા(FRESH) તરીકે ONLINE અરજી કરવાની રહેશે.

આ યોજનામાં જે વિધાર્થીઓને રૂ.૫૦,૦૦૦/- કરતા ઓછી શિષ્યવૃતિ મળવાની હોય તેવા વિધાર્થીઓએ વેબસાઇટ પર સાધનિક પુરાવા UPLOAD કરવાના રહેશે નહિ. તથા તેવા વિદ્યાર્થીઓએ અરજીની હાર્ડકોપી સાધનિક પુરાવા સહિત વિદ્યાર્થી પોતે અભ્યાસ કરતા હોય તે કોલેજ / સંસ્થામાં જમા કરવાની રહેશે. તે હાર્ડકોપી સસ્થાએ પોતાની કરવાની થતી ONLINE કામગીરી કરી સસ્થામા રેકર્ડ માટે રાખવાની રહેશે તથા કોઇ હાર્ડકોપી જિલ્લા કચેરી કે ગાંધીનગર કચેરીએ મોકલવાની રહેતી નથી. રૂ.૫૦,૦૦૦/-કરતા વધુ શિષ્યવૃત્તિમા આઇ.આઇ.ટી. સહિતની લીસ્ટેડ શૈક્ષણિક સસ્થાના વિદ્યાર્થીઓએ જરૂરી ડોક્યુમેન્ટ UPLOAD કરવાના રહેશે. તેમણે આઇ.આઇ.ટી. સસ્થામા હાર્ડ કોપી તથા એક હાર્ડ કોપી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક ન-૪/૩, ગાધીનગરને ફરજીયાત મોકલવાની રહેશે. વિદ્યાર્થીઓને ONLINE ફોર્મ ભરવામા મદદરૂપ થઈ શકે તેવા FAQs તથા SERVICES મેનુમાં NSP 2.0 user Manual WEBSITE પર UPLOAD કરેલ છે

<u>મેરિટ-કમ-મીન્સ શિષ્યવૃત્તિ માટે માટે અરજી કરવાની પ્રક્રિયા (વિદ્યાર્થીઓ માટે)</u> :- સૌપ્રથમ ઉપરોક્ત દર્શાવેલ <u>www.scholarships.gov.in</u> વેબસાઇટ પર જઇ નવા(FRESH) વિદ્યાર્થીઓએ New Registration બટન પર ક્લીક કરવાની રહેશે. ત્યાર બાદ વિદ્યાર્થીઓએ જોવા મળતી Guideline (માર્ગદર્શિકા) નો અભ્યાસ કરી નીચે આપેલ Continue બટન પર ક્લીક કરવાની રહેશે તથા દર્શાવેલ ફોર્મમાં પોતાની પ્રાથમિક માહિતી ભરવાની રહેશે Identification Detail મા આધાર નંબર Select કર્યેથી ફરજીયાત આધાર નંબર આપવાનો રહેશે અથવા Bank A/C Number Select કર્યા બાદ Bank Passbook ની SCAN કરેલી કોપી (PDF & JPEG Maximum size 200 KB) ફરજીયાત UPLOAD કરવાની રહેશે. તે પછી Register પર ક્લીક કરવાથી વિદ્યાર્થીને પોતાનો Permanent Student Registration ID મળશે. નવા(FRESH) વિદ્યાર્થીઓએ Student Registration ID મળ્યા બાદ તથા જુના(RENEWAL) વિદ્યાર્થીઓએ ગત વર્ષના Student Registration ID વડે Login to Apply બટન પર ક્લીક કરી લોગીન થઇ Registration Detail, Academic Detail, Basic Detail, Bank Detail, Contact Detail, અને Scheme Detail, ના વિકલ્પ પર જઇ તમામ માહિતી ભરવાની રહેશે. તમામ માહિતી ભર્યા બાદ Final Submit બટન પર ક્લીક કરવાની રહેશે. જે વિદ્યાર્થીએ અભ્યાસ ચાલુ રહે ત્યા સુધી શિષ્યવૃત્તિનો લાભ લેવા માટે Student Registration ID જાળવી રાખવાનુ રહેશે. ખાસ ધ્યાનમાં રાખવાનુ કે Final Submit ન કરેલ અરજી માન્ય ગણાશે નહી અને અરજી કરવાની છેલ્લી તારીખ પૂર્ણ થયા બાદ તેના પર કોઇ પણ પ્રક્રિયા થઇ શકશે નહિ. વિદ્યાર્થી પોતાની શિષ્યવૃત્તિની અરજી જાળવી(સાચવી) રાખવા માટે અરજીની Printout બટન પર ક્લીક કરી પ્રિન્ટ આઉટ લઇ શકશે. વિદ્યાર્થીઓએ અરજીની હાર્ડકોપી મંત્રાલય મોકલવાની રહેતી નથી પરંતુ નીચેના સાધનિક પુરાવા સાથે કોલેજમા જમા કરાવવાની રહેશે. વિદ્યાર્થીની શિષ્યવૃત્તિ માટેની અરજી નીચે દર્શાવેલ પ્રક્રિયામાંથી પસાર થશે. વિદ્યાર્થીઓને National Scholarship Portal મા એક જ વખત અરજી કરવા સુચના આપવામાં આવે છે. એક થી વધુ વખત કરેલી FRESH કે RENEWAL અરજીઓ પોર્ટલ દ્વારા રદ કરવામાં આવશે

<u>કોલેજ/સંસ્થા કક્ષાએ કરવાની પ્રક્રિયા</u>

કોલેજો/સંસ્થાઓએ પોતાના ONLINE એકાઉન્ટમાં લોગીન થઇ SCRUTINY ની પ્રક્રિયા કરવાની રહેશે, જેમા વિદ્યાર્થીની સાધનિક પુરાવા સાથે મળેલ હાર્ડકોપીની અરજીની ચકાસણી કરી તેને ONLINE ફોરવર્ડ કરવાની રહેશે. જો કોલેજ/સંસ્થાએ આગળની ONLINE પ્રક્રિયા કરી ફોરવર્ડ કરેલ ન હોય તો વિદ્યાર્થીની અરજી પર આગળની પ્રક્રિયા થઇ શકશે નહિ જેથી કોલેજો/સંસ્થાઓએ ખાસ પોતાનો આઇ.ડી તથા પાસવર્ડ જિલ્લા/રાજ્યકક્ષાએથી મેળવી લેવાના રહેશે.

**<u>યોજનાની શરતો:-</u>** www.scholarships.gov.in ના DASHBOARD પર આપેલ Central Schemes > Ministry of Minority Affairs > Guidelines મા આપેલ યોજનાની શરતો ધ્યાને લઇ અરજી કરવાની રેહશે. આ શિષ્યવૃત્તિ યોજનાની વધુ વિગત અહિં દર્શાવેલ WEBSITE પરથી મેળવી શકાશે 1) www.scholarships.gov.in 2) www.minorityaffairs.gov.in

**નવુ (FRESH) અરજી ONLINE કરવાની છેલ્લી તારીખ:-30/0૯/૨૦૧૮ જુના(RENEWAL) અરજી ONLINE કરવાની છેલ્લી તારીખ:-30/0૯/૨૦૧૮**

**<u>ONLINE અરજીની હાર્ડ કોપી સાથે આપવાના થતા આધાર-પુરાવા:-</u>**

૧. નવા(FRESH) વિદ્યાર્થીઓએ છેલ્લા અભ્યાસક્રમ સ્નાતક/ અનુ-સ્નાતકની માર્કશીટની નકલ / જુના(RENEWAL) વિદ્યાર્થીઓએ છેલ્લી પાસ કરેલી પરીક્ષાની માર્કશીટની નકલ ૨. વિદ્યાર્થીના કુટુંબની વાર્ષિક આવક અગેનો સક્ષમ અધિકારીનો દાખલાની ખરી નકલ ૩ વિદ્યાર્થીના ધાર્મિક લઘુમતી હોવા અંગેનો સક્ષમ અધિકારીનો દાખલાની ખરી નકલ ૪. વિદ્યાર્થી જે વર્ષ માટે શિષ્યવૃત્તિની અરજી કરેલ હોય તે વર્ષ માટે ભરેલ ટ્યુશન ફી, પરીક્ષા ફી તથા પ્રવેશ ફી ની પહોંચની નકલ ૫. વિદ્યાર્થીની બેન્ક પાસબુકની નકલ ૬ વિદ્યાર્થીનુ સહી કરેલ DECLARATION ફોર્મ ૭ કોલેજ / સંસ્થા દ્વારા ચકાસણી કરેલ તથા સહી/સિક્કા કરાવેલ ફોર્મ.

કે.જી. વણઝારા
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય ગાંધીનગર